શહેરમાં મોડીસાંજે હળવું વરસાદી ઝાપટું

દિવસભરના ઉકળાટ - બફારા સામે સાંજે વરસેલા વરસાદથી ઠંડક અનુભવાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં વરસાદે ફરી એક વરમત કરી છે અને આજે દિવસભર ઘેરાયેલાં રહેલા વાદળો છતાં શહેરમાં અમુક વિસ્તારમાં વરસાદ વરસ્યો, જ્યારે અમુક વિસ્તારમાં ઓછો વરસાદ વરસ્યો હતો. જોકે સાંજના સુમારે ઘ-રોડની એકતરફ એટલે કે સેક્ટર-૧૨, ૧૨, ૧૪, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪, સેક્ટર-૨૫, સેક્ટર-૨૬ જેટલા વિસ્તારોને આવરી લેતો વરસાદ વરસ્યો હતો તો ઘ-રોડની બીજી તરફ ચ-રોડની આસપાસના વિસ્તારમાં તેના પ્રમાણમાં ઓછો વરસાદ પડ્યો હતો. આ સ્થિતિમાં શહેરમાં દિવસભર જે ઉકળાટ અને બફારાનો માહોલ હતો તે સમી સાંજથી ઠંડકભર્યા માહોલમાં પરિવર્તિત થઈ જવા પામ્યો હતો.

સવારથી જ શહેરના આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયેલાં હતા. જોકે સાંજે ચાર વાગ્યા સુધી વરસાદના નામે છુટાછવાયાં છાંટા જ પડ્યાં હતા. પરંતુ પાંચ વાગ્યની આસપાસ શહેરના અમુક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. આ પછી ફરી સાંજે ૭ વાગ્યા પછી શહેરમાં ચ-રોડને આવરી લેતો વરસાદ પણ વરસ્યો હતો. નાગરિકોની અપેક્ષા અને જે રીતે દિવસભર વાદળો ઘેરાયેલાં રહ્યા તથા ઉકળાટ-બફારો અનુભવાયો તેની સાપેક્ષે સાંજે વરસેલો વરસાદ નાગરિકોના મનને સંતૃપ્ત કરે તેટલો નહોતો. વરસાદના કારણે શહેરીજનોને દિવસભરના ઉકળાટ - બફારામાંથી મુક્તિ મળી હતી અને સાંજે ઠંડકનો અનુભવ થવા પામ્યો હતો.

૧૨મી ઓગષ્ટ સુધી જિલ્લામાં વરસાદી વાતાવરણ રહેવાની સંભાવના

આગામી ૧૨મી ઓગષ્ટ સુધી જિલ્લામાં વરસાદી માહોલ છવાયેલો રહેશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક-૩૭ માં આ શક્યતાઓ દર્શાવવામાં આવી છે. ૮મી ઓગષ્ટથી ૧૨મી ઓગષ્ટના દિવસો માટે કરેલી આગાહીમાં જણાવાયા મુજબ આ પાંચેય દિવસ આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે. હળવાથી મધ્યમ વરસાદની સંભાવનાઓ છે.

મહત્તમ તાપમાન ૩૧-૩૩ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૫ થી ૮૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. જ્યારે પવનની ગતિ ૧૨ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂત મિત્રોને કૃષિ વિષયક સલાહ આપાતં આ બુલેટીનમાં જણાવાયુ છે કે વરસાદ પડવાની સંભાવના હોઈ વાવેતર કરેલ પાકોમાં પિયત આપવુ નહિ તેમજ દવાનો પણ છંટકાવ કરવો નહિ. પાકનું રક્ષણ કરવુ જરૂરી છે. ખેતરમાંથી વધારાનું પાણી બહાર કાઢી અને પાકનું રક્ષણ કરવુ જરૂરી છે.

શહેરનો યુવા વર્ગ કોરોનાની ઝપટમાં

આજે નોંધાયેલા ૧૦ કેસમાં છ દર્દીઓની આયુ ૩૦ કે તેથી નાની વયના છે : માર્ગ-મકાન વિભાગ, નર્મદા નિગમ, યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ, ઉદ્યોગભવનના કર્મયોગીઓ પણ કોરોનામાં સપડાયા : સે. ૪, ૨૨, ૨, ૨૮, ૬, ૨૪, ૨૬, ૫ અને ગોકુલપુરા છાપરા તેમજ સે. ૪ છાપરામાંથી દર્દીઓ મળ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૫૬૧ પર પહોંચી છે.

આજે નોંધાયેલા કેસોમાં યુવાનોની સંખ્યા સૌથી વધુ છે. છ દર્દીઓની આયુ તો ૩૦ કે તેથી ઓછી છે. આજે નોંધાયેલા કેસોમાં બે મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં નાયબ સેક્શન અધિકારી, માર્ગ-મકાન વિભાગનો કર્મયોગી, યુવા અને સાંસ્કૃતિક વિભાગનો કર્મયોગી, ઉદ્યોગભવનના ક્લાર્ક, ફાર્માસ્યુટીકલ કંપનીનો કર્મયોગી, ઝેરોક્ષની દુકાન ધરાવતા યુવક સહિતના દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધતી જાય છે. શહેરની વસ્તીના પ્રમાણમાં કેસોની સંખ્યા વધુ જોવા મળી રહી હોવાનો આડકતરો એકરાર કરતાં તંત્ર એક તબક્કે કોમ્યુનીટી ટ્રાન્સમિશનની વાત સ્વીકારે છે પરંતુ કેસોની હિસ્ટ્રીને તપાસતાં લોકલ ટ્રાન્સમિશનથી થયેલા કેસો પણ જોવા મળી રહ્યા છે એટલે તંત્ર હજુ દ્વિધામાં છે કે કોરોનાના કયા સ્ટેજમાંથી શહેર પસાર થઈ રહ્યુ છે તે નક્કી થઈ શકતુ નથી.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં આજે સે. ૪, ૨૨, ૨, ગોકુલપુરા, સે. ૨૮, સે. ૪ છાપરા, સે. ૬, સે. ૨૪, સે. ૨૬ અને સે. ૫ માંથી કેસો મળી આવ્યા છે. સે. ૨૪, ૨૬, ૪, ૫, ૨ અને સે. ૨૨ માં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં પણ વધારો થવા પામ્યો છે.

સેક્ટર-૪ માં રહેતા અને નર્મદા નિગમમાં ડેપ્યુટી એસ.ઓ. તરીકે ફરજો બજાવતા ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ દર્દીના પરિવારના ૨ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

સે. ૨૨ માં રહેતા માર્ગ-મકાન વિભાગના એક કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. ૫૭ વર્ષીય આ કર્મયોગીને સારવાર માટે ગાંધીનગર સિવિલ

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ૧૮૫ કરતાં વધુ કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૧,૫૦૦થી વધુ લોકો ક્વોરોન્ટાઈન છે

ગાંધીનગર શહેરમાં કોવિડ-૧૯ના સંક્રમણના કેસો ઝડપથી વધી રહ્યા છે. શહેરમાં હાલ ૧૮૫ કરતાં વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. શહેરના કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૧,૫૦૦ કરતાં વધુ લોકોને તંત્રએ ક્વોરોન્ટાઈન કરેલા છે. શહેરની વસ્તીના પ્રમાણમાં કેસો જે સંખ્યામાં વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

શહેરમાં યુવા, ગૃહણી તેમજ નિવૃત્ત કર્મચારીઓ અને કર્મયોગીઓ કોરોનાની ઝપટમાં આવી રહ્યા છે. તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ૫૫ જેટલા દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

તંત્ર દ્વારા સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. ૫૯૦૦ થી વધુ લોકોનો ટેસ્ટ અત્યાર સુધીમાં કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. સર્વેલન્સ માટે ૫૦ થી વધુ કર્મયોગીઓને આઉટ સોર્સિંગથી નિમણુંક આપવામાં આવી છે. ધન્વન્તરી રથ દ્વારા પણ શહેરીજનોના આરોગ્યની સઘન ચકાસણી હાથ ધરવામાં આવી છે. શહેરમાં હાલ ૧૦ ધન્વન્તરી રથો આ કામગીરી કરી રહ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં વધુ ૨૦ કેસ

ગાંધીનગર તાલુકામાં ૧૦, માણસામાં ૬, કલોલમાં ૩ અને દહેગામમાંથી ૧ કેસ મળ્યો

સારવાર દરમ્યાન વધુ ૧ દર્દીનું મોત : ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુઆંક ૮૫ પર પહોંચ્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૨૦ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે હવે તંત્ર દ્વારા ખાસ કેમ્પો કરી અને માસ લેવલ પર એન્ટીજન ટેસ્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગ્રામીણ વિસ્તારના નોંધાયેલા કેસોમાં આજે વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. આ મોત સાથે જિલ્લામાં મૃત્યુઆંક ૮૫ પર પહોંચ્યો છે. મળતી વિગતો પ્રમાણે આજે માણસા તાલુકાના એક આધેડ વયના દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોવિડ સંક્રમણના કેસોની સંખ્યા તેમજ મૃત્યુઆંક જે રીતે વધી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. ગ્રામીણ વિસ્તારમાં હાલ ખેતીની સીઝન પૂરબહારમાં હોવા છતાં તેના પર આ કોરોનાની અસરો નહીવત જોવા મળી છે. જોકે શ્રમિકોની અછત પણ જવાબદાર છે. ગ્રામીણ વિસ્તારોમાં જનજીવન પર ભયનું વાતાવરણ કોરોનાને કારણે છવાયેલુ જોવા મળી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં આજે ગાંધીનગર તાલુકામાં ૧૦, દહેગામમાં એક, માણસામાં ૬ તેમજ કલોલમાંથી ૩ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ, શાહપુર, રાંધેજા, અડાલજ, કોબા, આલમપુર (મિલેટ્રી સ્ટેશન), પેથાપુર, સરગાસણ તેમજ ઈસનપુર મોટામાંથી કેસો મળ્યા છે. તાલુકામાંથી આજે બે મહિલા દર્દીઓ પણ મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ઈસનપુર-મોટા ગામેથી આજે વધુ બે કેસ મળ્યા છે. જેમાં એક ૫૭ વર્ષીય પુરૂષ અને એક ૭૦ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે. સરગાસણમાંથી એક ૩૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

વાવોલમાંથી ૪૫ વર્ષીય પુરૂષ, શાહપુરમાંથી ૫૦ વર્ષીય પુરૂષ, રાંધેજામાંથી ૩૮ વર્ષીય યુવક, અડાલજમાંથી ૨૫ વર્ષીય યુવક કોબામાંથી ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આલમપુરના મિલીટ્રી સ્ટેશનમાં આજે વધુ એક કોરોનાનો કેસ નોંધાયો છે, આ ઉપરાંત પેથાપુરમાંથી એક ૨૯

● અનુસંધાન પાન-૭ પર

આપણા જીવનમાં તહેવારોનુ ખુબ મહત્વ છે. તહેવારો આપણા જીવનમાં નવો ઉત્સાહ, ઉમંગ લાવે છે. જો કે આ વર્ષે કોરોનાના કહેરના કારણે સાતમ-આઠમના તહેવારોની ઉજવણી ફીકી જોવા મળી રહી છે. સાતમ-આઠમના તહેવારો પૈકી નાગપાંચમની ઉજવણી શનિવારે કરવામાં આવી હતી. જો કે મંદિરોમાં ખાસ ભીડ જોવા મળી ન હતી.

ગુડા કબજા વિહોણાં આવાસોને અનુલક્ષી પ્રતિક્ષા યાદી મુજબ ડ્રો કરશે

ગાંધીનગર તા ૮

ગુડા દ્વારા અગાઉ રાયસણ, અડાલજ અને ચિલોડામાં એલ આઈ જી આવાસો તૈયાર કર્યા બાદ કુડાસણમાં પણ એમ આઈ જી આવાસો બનાવાયા છે. જેમાં હાલ રહીશોનો વસવાટ પણ છે. પરંતુ હજુ સુધી લાભાર્થીઓએ આવાસનો કબજો મેળવવા માટે કોઈપણ પ્રક્રીયા હાથ ન ધરી હોય તેવા કિસ્સામાં ગુડાએ નોટીસ આપી છે જયારે આગામી દિવસોમાં ગુડા નિર્મિત કબજા વિહોણા આવાસોનો પ્રતિક્ષા યાદી મુજબ ડ્રો કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. ગુડા દ્વારા અગાઉ રાયસણ, ચિલોડા , અડાલજ તેમજ કુડાસણમાં આવાસો તૈયાર કરાયા હતા જયારે આ આવાસોમાં હાલ લાભાર્થીઓનો વસવાટ પણ છે. જો કે આ પૈકી એલ આઈ જી તેમજ એમ આઈ જી આવાસો ખાલી છે. અલબત્ત આવાસોનો કબજો પણ લાભાર્થીઓએ લીધો નથી ત્યારે ગુડા માટે નવો પ્રશ્ન ઉભો થયો છે. કુડાસણમાં નવનિર્મિત આવાસ યોજના અન્વયે પણ ડ્રો તેમજ આવાસ ફાળવણીની પ્રક્રીયાના લાંબા સમય બાદ પણ હજુ આવાસોની રકમ ચુકવાઈ નથી

ગુડા નિર્મિત આવાસોના મામલે નોટીસના અંતે આગામી દિવસોમાં પ્રતિક્ષા યાદી મુજબ ડ્રો કરાશે

જયારે ઘણાં ખરા લાભાર્થીઓએ આવાસ મેળવવા માટે કોઈ પ્રક્રીયા પણ ફોલો કરી નથી. અલબત્ત આવાસ પેટે એક પણ રૂપિયો પણ જમા કરાવ્યો નથી. આવા સંજોગોમાં ગુડાએ પણ નોટીસ આપવાનુ શરૂ કરી લાભાર્થીઓને ત્વરિત પૈસા જમા કરાવવા સહીત અન્ય પ્રક્રીયા પણ પુર્ણ કરવા માટે જણાંવ્યુ છે. ગુડાની આવાસ યોજનામાં લાંબા સમયથી ખાલી આવાસો અલબત્ત કબજાવિહોણા આવાસોને પ્રતિક્ષા યાદીના આધારે ડ્રો કરીને ફાળવવા માટે પણ કામગીરી હાથ ધરાશે. આ માટે ગુડા જરૂરી પ્રક્રીયાના અંતે પ્રતિક્ષા યાદી મુજબ ડ્રો પણ કરશે જેથી બાકી રહેતા લાભાર્થીઓને પણ આવાસ મળવાની તક ઉભી થશે .ગુડા દ્વારા વાવોલ , સરગાસણ અને પેથાપુરમાં પણ એલ આઈ જી આવાસ યોજનાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. જયારે આ મામલે જગ્યા પણ આખરી કરી દેવામાં આવી છે. ટુંકમાં જ આ મામલે ફોર્મ ભરવા સહીત અન્ય પ્રક્રીયા પણ હાથ ધરી દેવાશે. જયારે ટુંક સમયમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે આવાસ નિર્માણની કામગીરી પણ શરૂ કરી દેવાશે. ગુડા દ્વારા અગાઉ રાયસણ,ચિલોડા અને અડાલજ વિસ્તારમાં એલ આઈ જી આવાસો તૈયાર કરાયા હતા જયારે એલ આઈ જી આવાસોના મામલે હજુ પણ જરૂરિયાતમંદોની સંખ્યા વિશેષ હોવાથી આવાસ અગાઉ ન ફાળવવામાં આવ્યા હોય તેવા લાભાર્થીઓને આવરી લેવા માટે નવા આવાસો બનાવાનુ આયોજન આખરી કરાયુ છે.

ભાટ-કોટેશ્વરમાં આજે એક જ દિવસમાં ૩૨૦ લોકોના ટેસ્ટ કરાયા

કોરોના સામે હવે આક્રમક જંગના મૂડમાં તંત્ર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં અને એમાંય સેમી અર્બન વિલેજ તરીકે જે ગામો વિકાસ પામી રહ્યા છે તેવા ગામોમાં માસ સેમ્પલીંગ કરવાનો નિર્ણય તંત્રએ કર્યો છે. જિલ્લાતંત્રના આ નિર્ણયને પગલે આજે ભાટ અને કોટેશ્વર ગામોમાં તંત્રની ટીમો ઉતરી પડી હતી. મળતી વિગતો પ્રમાણે ૮ જેટલી ટીમો દ્વારા આ બે ગામની અંદર જ તંત્ર દ્વારા ૩૨૦ થી વધુ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

તંત્ર દ્વારા ગ્રામીણ વિસ્તારમાં સઘન સર્વેલન્સ માટે ૧૦૦ થી વધુ કર્મયોગીઓની આઉટ સોર્સિંગથી ભરતી કરવામાં આવી છે. આ ઉપરાંત ધન્વન્તરી રથની સંખ્યામાં પણ વધારો કરી અને લોકોના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવી રહી છે. ગ્રામીણ વિસ્તારમાં છેલ્લા એક મહિનામાં કેસોની સંખ્યા જેટ ગતિએ વધી રહી છે. છેલ્લા અનલોક-૩ ના સમયગાળામાં જ ૪૦૦ થી વધુ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં હાલ ૩ થી ૪ દિવસમાં ૧૦૦ કેસો નવા નોંધાઈ રહ્યા છે જે તંત્ર માટે ચિંતાનો વિષય બન્યા છે.

કલોલ ગાંધીનગર હવે માણસામાં કેસોની સંખ્યા વધી રહી છે ત્યારે આક્રમક ટેસ્ટીંગની સાથે સાથે વધુમાં વધુ દર્દીઓનું ટ્રેકીંગ કરી તેમને સારવાર આપવા પર તંત્રએ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

સે-૩ માં સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ કરવા માંગ

ઘર આંગણે જોખમી સ્થિતિ ન સર્જાય તે માટે રહીશોની રજુઆત

ગાંધીનગર તા ૮

શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈનના ખોદકામ બાદ ઠેર ઠેર મોટામસ ગાબડા જોવા મળે છે. ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થતા વરસાદી પાણીના લીધે મોટા ગાબડા નાગરિકો માટે અકસ્માતનુ કારણ બને છે હાલ સે-૩ સી માં પણ વરસાદી પાણીના નિકાલની લાઈન સંદર્ભે ખોદકામ ચાલી રહ્યુ છે ત્યારે આ વિસ્તારમાં યોગ્ય માટી પુરાણ કરવા માટે પણ રહીશોએ રજુઆત કરી છે.

શહેરમાં હાલ વરસાદની સિઝન નિખરી છે. ત્યારે સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. છેલ્લા ઘણાં સમયથી તંત્રએ સેકટર સેકટરે મોટા મસ ખાડા ખોદીને તોતિંગ ભુંગળા નાંખવાનુ કામ હાથ ધર્યુ છે. જયારે વરસાદી સિઝનનમાં પાણીના લીધે માટી પોલાણ થવાથી નાગરિકો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. અત્યાર સુધી અનેક નાગરિકો આ સ્થિતિ વચ્ચે અકસ્માતનો ભોગ બન્યા છે. પરંતુ કોર્પોરેશનના અધિકારીઓ હજુ પણ આ બાબતે સજાગ નથી સેકટરોમાં પાઈપ નાંખવા માટે મોટા ખાડા ખોદાયા બાદ યોગ્ય માટી પુરાણ થતુ નથી જેના લીધે વરસાદી પાણી જમા થતા મસ મોટા ગાબડા નાગરિકો માટે મોટુ જોખમ ઉભુ કરે છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં ઘણીવાર મહીલાઓ અને બાળકો માટે પણ આ સ્થિતિ જોખમી પુરવાર થાય છે. સેકટરવાસીઓમાં તંત્રની આ મુજબની કામગીરીના લીધે આક્રોશ પ્રવર્તયો છે. ત્યારે હાલ સે-૩ સી માં પણ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી ચાલી રહી છે. આવા સંજોગોમાં વરસાદી દિવસો ચાલી રહ્યા છે ત્યારે વરસાદી પાણીના નિકાલની લાઈન સંદર્ભે માટી પુરાણ કરવા માં કોઈપણ પ્રકારની બેદકરકારી ન દાખવવામાં આવે તેવી માંગ પણ રહીશોએ ઉઠાવી છે. શહેરના સેકટરોમાં ઠેર ઠેર ખોદાયેલા ખાડાના લીધે વરસાદી પાણી ભરાતા કાદવ કિચ્ચડ સાથે માટી પોલાણના દ્રશ્યો જોવા મળે છે. સેકટરોમાં ઘર આંગણે જ આ મુજબની જોખમી સમસ્યાથી નાગરિકો ભયભીત છે. ત્યારે સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામ બાદ જોખમી સ્થિતિ ન સર્જાય તે મુજબ માટી પુરાણ કરવા માટે પણ સેકટર -૩ ના રહીશોએ રજુઆત કરી છે.

માણસા-ગાંધીનગરમાં મગફળીના પાકમાં લશ્કરી ઈયળોનો ઉપદ્રવ જોવા મળ્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં માણસા પંથકમાં તેમજ ગાંધીનગર તાલુકાના કેટલાક વિસ્તારોમાં લશ્કરી ઈયળનો ઉપદ્રવ જોવા મળતાં ખેડૂતોમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે.

ખેડૂતોમાં ચિંતાની લાગણી : આ બહુભાજી જીવાત હોઈ મગફળી અને કપાસના પાકને લઈ ચિંતા

છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયુ વાતાવરણ અને વરસાદ ન પડતાં આ ઈયળનો ઉપદ્રવ મગફળીના પાકમાં જોવા મળ્યો છે. જોકે તંત્રએ પણ સતર્કતા દાખવી લીમડાના તેલ અથવા પ્રોફેનોફોલ ૩૦ એમએલ પર ૧૫ લીટર પાણીમાં ભેળવી તેનો છંટકાવ કરી આ જીવાતના ઉપદ્રવને નિયંત્રણમાં લેવા ખેડૂતોને સલાહ આપી છે.

આ લશ્કરી ઈયળ બહુભાજી જીવાત એટલે કે તે ઘણા પાકોને નુકશાન કરે છે. આ જીવાત ટુંક જ સમયમાં અસંખ્ય ઈંડા મુકવાની ક્ષમતા પણ ધરાવે છે.

વાદળછાયુ વાતાવરણ રહેવાની શરૂઆતમાં ખાસ કરીને મગફળીના પાકમાં અને ત્યારબાદ તે કપાસ અને એરંડાના પાકમાં આ ઈયળનો ઉપદ્રવ જોવા મળે છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા થોડાક સમયથી વાદળછાયુ વાતાવરણ વધુ જોવા મળ્યુ છે એટલુ જ નહિ વરસાદ પણ જોઈએ તેવો હજુ આ સિઝનમાં થયો નથી. જિલ્લામાં આમ તો ૪૨ ટકાથી વધુ વરસાદ સિઝનનો થઈ ચુક્યો છે પણ મનમુકીને મેઘરાજા એકાદ-બે દિવસને બાદ કરતાં થયો નથી અર્થાત વરસ્યા નથી. વાતાવરણમાં સતત ઉકળાટ અને બફારો જોવા મળી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com